સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૧૬–૦૩–૨૦૧૦ ના રોજ મળીને મુલતવી રહેલી અને તા.૧૭–૦૩–૨૦૧૦ ના રોજ ફરી મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો

................
................

મ્યુ. કમિશ્નરશ્રીના તા.૦૨–૦૩–૨૦૧૦ના પત્ર નં. સીમીસ/૮/૩૭ થી વિદિત થઈ તેમજ સમિતિને સભામાં હાજર રહેલા ડેપ્યુટી કમિશ્નરશ્રી (પી એન્ડ ડી) સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ, મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૮૧ (ડુમસ)માં નીચે જણાવ્યાં મુજબના સુધારાઓ/ફેરફાર કરવાનું અને તેને આનુસાંગિક ફેરફાર કરી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૮૧(ડુમસ)ના મુસદ્દાને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ–૪૮(૧) હેઠળ નામદાર સરકારશ્રીની મંજુરી મેળવવા અર્થે નામદાર સરકારશ્રીમાં સાદર કરવા જરૂરી કાર્યવાહી કરવા મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) નીચે જણાવેલ પત્રક–૧ મુજબ બાંધકામવાળી જગ્યાઓ ઉપરના રીઝર્વેશન રદ કરવા

પત્રક–૧

| અ. નં. | દરખાસ્તમાં રજુ થયેલ રીઝર્વેશન નંબર | મોજે / ગામ | રે.સ.નં. | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | આર–૧૧ (ઓપન સ્પેશ) | ડુમસ | ૧૦૦/૧ પૈકી | સંપૂર્ણ |
| ૨ | આર–૧૨ (પબ્લીક યુટીલીટી સેન્ટર) | ડુમસ | ૧૦૦/૨+૩ | સંપૂર્ણ |
| ૩ | આર–૩૩ (ઓપન સ્પેશ) રીઝર્વેશન | ડુમસ | ૮૦/૩ | સંપૂર્ણ |
| ૪ | આર–૨૩ (સ્પોર્ટસ કોમ્પલેક્ષ) | ડુમસ | ૮૨ પૈકી | પાર્ટ પ્લાન–૧ મુજબ |
| ૫ | આર–૨૪ (ગાર્ડન) | ડુમસ | ૮૩ | પાર્ટ પ્લાન–૧ મુજબ |
| ૬ | આર–૩૪ (પબ્લીક યુટીલીટી સેન્ટર) | ડુમસ | ૭૮ | પાર્ટ પ્લાન–૨ મુજબ |
| ૭ | આર–૬૨ (પબ્લીક યુટીલીટી સેન્ટર) | ડુમસ | ૧૪+૧૫+૨૫+૨૬ અને ૨૮ થી ૩૬ | પાર્ટ પ્લાન–૩ મુજબ |

(૨) રે.સ.નં. ૫૮૬, ૫૮૭, ૪૫/૧, ૪૫/૨, ૪૫/૨/૧ માં સૈધ્ધાંતિક મંજુરી આપેલ હોવાથી પ્લાન મુજબ બાંધકામને અસર ન થાય તે રીતે કપાત/રીઝર્વેશનમાં સુધારો કરવો તથા તેને આનુસાંગિક જરૂરી સુધારા કરવા.

(૩) આ સાથે સામેલ પાર્ટ પ્લાનમાં દર્શાવ્યા મુજબ સર્વે નં.૧૧૪ ની જમીનને આપેલ ફાઈનલ પ્લોટ આર.૨૮ સાથે અદલાબદલી કરવી અને તેને આનુસાંગિક સુધારા કરવા.

(૪) સામેલ પાર્ટ પ્લાન મુજબ મોજે : ડુમસ, રે.સ.નં.૨૫૭/૧ ને આપેલ ફા.પ્લોટને ઓ.પી.નં.૧૬૩ ની ઉત્તરે ૧૨ મી. ના રસ્તાને જોડતો એપ્રોચ ફા.પ્લોટમાં મળે તે મુજબનું આયોજન કરવું તેમજ તેને આનુસાંગિક સુધારા કરવા.

(૫) ધોવાણની અસર હેઠળના રેસીડેન્શીયલ ઝોનમાં આવતી ખાનગી ઓ.પી.નં. ૮૫ અને ૯૧ ને ફાળવેલ ફા.પ્લોટ નં.૮૫ તથા ૯૧/એ ની ફાળવણી ફોરેસ્ટ ઝોનીંગમાં થયેલ જણાય છે તે બન્ને ફા. પ્લોટ ધોવાણની અસર હેઠળ જ રેસીડેન્શીયલ ઝોનમાં રહે તે માટે સામેલ પાર્ટપ્લાન મુજબ ફેરઆયોજન કરવા તથા તેને આનુસાંગિક સુધારા કરવા.

(૬) આ સ્કીમ વિસ્તારમાં ૧૦૦૦ ચો.વાર(૮૩૬ ચો.મી.) થી નાના પ્લોટો જે રેકર્ડ પર નોંધાયા હોય તથા નિયમ અનુસાર સક્ષમ સત્તા ધ્વારા બિનખેતી થયેલ હોય તેવા કેસોમાં કપાત કરવી નહી.

<u>ઠરાવ નં.૧૦/૨૦૧૦ સર્વાનુમતે મંજુર</u>

સ.ર.મ્યુ.કમિશ્નરશ્રી પ્રતિ,

સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. ૧૯-૦૩-૨૦૧૦